દિવાળી સુધી રાત્રે એક વાગ્યા સુધી વેપાર-ધંધાની છૂટ

દિવાળીના તહેવારો નિમિત્તે લેવાયેલા આ નિર્ણયથી વેપારીઓને ફાયદો થશે

ગાંધીનગર, તા. ૨૬

આ વર્ષે દિવાળીની ઉજવણી વેપારીઓ માટે વધુ આનંદદાયક બની રહેશે. વેપાર-ધંધા દિવાળી સુધી રાત્રે ૧ વાગ્યા સુધી ચાલુ રાખવાની છૂટ અપાઈ છે. વેપારીઆલમમાં આ બાબતથી આનંદ છવાયો છે.

વિધાનસભાની ચૂંટણીની આચારસંહિતાની અમલવારીના કારણે હાલ રોકડ રકમની અઢીલાખની મર્યાદાના કારણે વેપારીઓને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. રોકડગીરીથી ત્રસ્ત વેપારીઆલમને રાહત મળે તેવા સમાચાર છે. દિવાળીના તહેવારો સુધી વેપારીઓને રાત્રે ૧ વાગ્યા સુધી ધંધા-રોજગાર ખુલ્લા રાખવાની છૂટ આપતો પરિપત્ર રાજ્ય સરકાર દ્વારા તમામ જિલ્લાના કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનરો તથા પોલીસ કમિશનરોને મોકલી દેવામાં આવ્યા છે.

મોડે સુધી દુકાનો ખુલ્લી રાખવાના આ પરીપત્રથી વેપારીઓને પોલીસની કનડગત સહન નહી કરવી પડે. લગભગ દર વર્ષે સરકાર દ્વારા નવરાત્રી અને દિવાળીના તહેવારો દરમ્યાન વેપારીઓને મોડી રાત સુધી દુકાનો ખુલ્લી રાખવાની છૂટ આપવામાં આવે છે. આ વર્ષે પણ લાભ પાંચમ સુધી વેપાર-ધંધા રાત્રે ૧ વાગ્યા સુધી ખુલ્લા રાખવાની છૂટ આપતો પરિપત્ર જાહેર કરાયો છે.

સેક્ટર-૨૧નું બજાર દિવાળી સુધી દરરોજ ખુલ્લુ રહેશે

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા હોવાથી બજારોમાં ચહલપહલ વધી છે. દર સોમવારે બંધ રહેતુ સેક્ટર-૨૧નું માર્કેટ હવે દિવાળી સુધી દરરોજ ખુલ્લુ રહેશે. સેક્ટર-૨૧ના વેપારી મંડળે સર્વે સંમતિથી આ નિર્ણય કર્યો છે. દિવાળીની ઘરાકીને ધ્યાને લઈ આ નિર્ણય લેવાયો છે.

સે. ૧ ૩માં સરકારી આવાસની છતમાં ગાબડું : મહિલાને ઈજા

આવાસોની ભયજનક સ્થિતિથી રહીશોના જીવ પડીકે બંધાયા : અનેક કિસ્સા બાદ પણ તંત્ર બેફીકર !

ગાંધીનગર, તા. ૨૬

સે. ૧ ૩માં સ્થિત જ-કક્ષાના સરકારી આવાસમાં આજે સવારે અચાનક જ રસોડાની સિલીંગમાંથી તોતિંગ પોપડુ ખરતા મહિલાને ઈજા થવા પામી હતી. સરકારી આવાસના રસોડામાં સિલીંગના ભાગમાંથી આખેઆખા પ્લાસ્ટરનો ભાગ ધડાકાભેર નીચે પડતા ડઘાઈ ગયેલા પરિવારજનો પણ ફફડી ઉઠ્યા હતા. શહેરના સરકારી આવાસોમાં એક સાંધે અને તેર તૂટે તેવી સ્થિતિ છે. ગમે તે ઘડીએ મોટામસ ગાબડા પડતા રહીશો પર સતત મોતનો ખતરો જળુંબી રહ્યો છે. વખતોવખત પ્રકાશમાં આવેલી આવાસોની ભયજનક સ્થિતિના અંતે પણ સરકારી તંત્રના બાબુઓનું પેટનું પાણી હલતુ નથી. નાટકીય સર્વેના અંતે માત્ર થાગડ-થીગડ કરી માત્ર કાગળ પર સબ સલામત હોવાના બણગા ફૂંકવામાંથી તંત્ર ઉંચુ આવતું નથી.

શહેરના સરકારી આવાસમાં વસવાટ કરતા રહીશોની માથે હરપલ ખતરો જળુંબતો હોવાનું ચિત્ર ઉપસી આવતા સેક્ટરના વસાહતીઓ ભયના ઓથા હેઠળ જીવી રહ્યા છે. સરકારી આવાસમાં ગમે ત્યારે સિલીંગમાંથી પ્લાસ્ટરના પોપડા ખરતા વસાહતીઓને શર સલામત રાખવાની ચિંતા જન્મી છે. કચેરીઓને કોર્પોરેટ ટચ આપવા ઉપરાંત વી.આઈ.પી. વિસ્તારની સરભરામાં વ્યસ્ત રહેતા તંત્રને કદાચ ભયજનક ભાસતા આવાસોની દરકાર લેવામાં કોઈ રસ નથી. થોડા સમય પૂર્વે જ સે. ૧૬ અને ૧૭ના સરકારી મકાનમાં છતમાંથી પોપડુ પડવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા બાદ તંત્ર કક્ષાએથી આ મામલે કોઈ સર્વે પણ હાથ ધરાયો નથી. સે. ૧ ૩ના જ-ટાઈપ વિસ્તારમાં સ્થિત બ્લોક નં. ૬૦/૨ માં પણ આજે સવારે રસોડાની સિલીંગમાંથી મોટુમસ પોપડુ પડ્યું હતું. આ દરમિયાન નીચે કામ કરતા ૪૭ વર્ષીય તારાબેનને માથાના તેમજ શરીરના ભાગે ઈજા થવા પામી હતી. જેથી તેમને તાત્કાલિક સારવાર સર્વે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મકાનમાં રહેતા ડાહ્યાભાઈ મોતીભાઈ જોષીએ જણાવ્યું હતું કે બે મહિના અગાઉ પણ મકાનના છતના ભાગમાંથી પોપડુ ખર્યું હતું. શહેરના સરકારી આવાસમાં રહેતા વસાહતીઓના માથે સતત મોતનો ખતરો જળુંબી રહ્યો છે. રહીશોના જીવ પડીકે બંધાયા છે ત્યારે તંત્રકક્ષાએથી પણ કોઈ નક્કર પગલા લેવાતા નથી.

ચૂંટણી પ્રક્રિયા - ચૂંટણી નજીક આવી રહી છે. તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવાઈ છે. વિવિધ ટીમો બનાવી જવાબદારીઓ સોંપવામાં આવી રહી છે. આગામી ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનાર ઈવીએમ મશીનનું તંત્રના અધિકારીઓ દ્વારા ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

ઈદની ઉજવણી દરમ્યાન અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે પોલીસ સ્ટેન્ડ ટુ

ગાંધીનગર, તા. ૨૬

જિલ્લા પોલીસને આવતીકાલે શનિવારે સવારે ૮ વાગ્યાથી સ્ટેન્ડ ટુ રહેવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. ઈદની ઉજવણી દરમ્યાન ક્યાંક કોઈ વિસ્તારોમાં ધાર્મિક લાગણી ન દુભાય તેની ખાસ તકેદારી રાખીને જે વિસ્તારો સંવેદનશીલ હોય ત્યાં પેટ્રોલીંગ રાખવામાં આવશે. ઈદના પવિત્ર પર્વ દરમ્યાન કોઈ અનિચ્છનીય ઘટના બને નહી તે હેતુથી સ્ટેન્ડ ટુ ના આદેશ જે તે પોલીસ સ્ટેશનને આપી દેવાયા છે.

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને માત્ર પાંચ દિવસનું વેકેશન મળશે

ગાંધીનગર, તા. ૨૬

ગઈકાલે શરૂ થયેલી ધો-૧૨ સાયન્સના ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા બાદ ચોથા સેમેસ્ટરનો અભ્યાસક્રમ તુરંત જ ચાલુ કરી દેવાશે. વિદ્યાર્થીઓને માત્ર ૩ થી ૫ દિવસ જેટલું દિવાળી વેકેશન મળશે.

ધો-૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પધ્ધતિનો અમલ શરૂ કરાતા વિદ્યાર્થીઓને ખુબ ઓછી રજાઓ મળી રહી છે. એક પછી એક પરીક્ષાઓ યોજાતા અને લેન્ધી અભ્યાસક્રમના કારણે વિદ્યાર્થીઓ ટેન્શનમાં છે. ધો-૧૧-૧૨ના ત્રીજા સેમેસ્ટર બાદ ચોથા સેમેસ્ટરમાં ભણવા માટે માત્ર ૯૦ દિવસ રહે છે. એમાં લાંબુ વેકેશન રાખવામાં આવે તો ટૂંકા સમયમાં કોર્સ પુરો કરવો મુશ્કેલ બની રહેશે. માટે બોર્ડ દ્વારા આ નિર્ણય લેવાયો છે. વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ માત્ર દિવાળી અને બેસતા વર્ષના પર્વો દરમિયાન ત્રણથી પાંચ દિવસ થોડીક રાહત લઈ શકશે તે પછી તુરંત જ ચોથું સેમેસ્ટર ચાલુ થઈ જશે. જો કે ધો-૧ થી ૯ના વિદ્યાર્થીઓને ૨૧ દિવસનું લાંબુ વેકેશન ગાળવા મળશે.

ગાંધીનગર-મહુડી તેમજ કડી થોળ સહિત ૫૫ પ્રોજેક્ટસ ડેવલપમેન્ટનું પ્રદર્શન અમદાવાદમાં

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર-મહુડી, કડી-થોળ સહિતના ૫૫ જેટલા પ્રોજેક્ટ ડેવલપમેન્ટ એરિયાની રસપ્રદ વિગતો દર્શાવતુ એક પ્રદર્શન અમદાવાદ નિર્માણભવન ખાતે યોજાયું છે.

ત્રિદિવસીય પ્રદર્શન અને સેમિનારનું આયોજન જીઆઈસીઈએ દ્વારા કરવામાં આવ્યું છે. માત્ર પ્લોટીંગની સ્કીમોને લગતા આ પ્રદર્શનને આગવું આકર્ષણ જમાવ્યું છે.

ધી ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ સીવીલ એન્જીનીયર્સ એન્ડ આર્કીટેક્ટસ (જી.આઈ.સી.ઈ.એ.) ૬૪ વર્ષ જુની સંસ્થા છે, જે સીવીલ એન્જીનીયરીંગ તથા આર્કીટેક્ચર ક્ષેત્રને લગતી બાબતો પર સેમિનાર અને પ્રદર્શન દ્વારા પોતાના સભ્યોને તાજેતરની માહિતી ઉપલબ્ધ કરાવે છે તથા સમાજના વ્યાપક હિતોમાં સક્રીય કામગીરી બજાવે છે.

ધી ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ સીવીલ એન્જીનીયર્સ એન્ડ આર્કીટેક્ટસ (જી.આઈ.સી.ઈ.એ.) દ્વારા નિર્માણ એક્ઝીબીશન-૨૦૧૨ :એક્સલ્યુસીવ ફોર પ્લોટેડ ડેવલોપમેન્ટ સ્કીમ આયોજન તા. ૨૬, ૨૭, ૨૮ ઓક્ટોબર દરમ્યાન નિર્માણ ભવન, લૉ-ગાર્ડન, અમદાવાદ ખાતે જાહેર જનતાના લાભાર્થે યોજવામાં આવેલ છે.

આ એક્ઝીબીશનમાં અમદાવાદની બધી દિશાઓ જેવી કે, નળ સરોવર-સાણંદ, ગાંધીનગર-મહુડી, સાણંદ-પાટડી, કડી-થોળ, બગોદરા-બાવળાના પ્રોજેક્ટ્સનાં ૫૫ થી વધારે માહિતીસભર સ્ટોલ્સ છે. માત્ર પ્લોટીંગની સ્કીમોને લગતુ આ ગુજરાતનું પ્રથમ અને એક માત્ર એક્ઝીબીશન છે. આ એક્ઝીબીશનનું ઉદ્ઘાટન શ્રી પ્રકાશ ભગવતી (પ્રેસીડેન્ટ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી)ના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના અગ્રણી બીલ્ડર શ્રી અનીલભાઈ બકેરી (બકેરી ગ્રુપ) શ્રી એન. કે. પટેલ (સન બિલ્ડર્સ) અને શ્રી આર. પી. પટેલ (ચેરમેન, ક્રેડાઈ) પણ ઉપસ્થિત રહ્યાં હતા.

જીપીપી ઉમેદવાર પસંદગી માટે નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં પ્રક્રિયા હાથ ધરશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા ગુજરાતમાં કાઢવામાં આવેલી પરિવર્તન યાત્રામાં પક્ષના તમામ નેતાઓ વ્યસ્ત છે જેના કારણે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરી શકાઈ નથી. યાત્રા ૩૦મીએ પૂર્ણ થઈ રહી છે અને ૩૧મીએ મહાસંમેલન બાદ નેતાઓ ફ્રી થશે.

પક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રદેશ હોદ્દેદારોની એક બેઠક મળનારી છે. જેમાં પ્રથમ તબક્કાની યોજાનારી ચૂંટણી માટેના ૮૫ બેઠકો માટે ઉણેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ભાજપના કેટલાક નારાજ ધારાસભ્યો અને ટીકીટ ન મળે તેવા કેટલાક ધારાસભ્યો પણ જીપીપીના આગેવાનોના સંપર્કમાં છે અને ભાજપમાંથી ટીકીટ ન મળે તો જીપીપીમાંથી ટીકીટ મેળવી ચૂંટણી લડે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

વિભાગના વિકાસ સૂત્રોને આખરી ઓપ અપાયો

ગાંધીનગર, તા. ૨૬

વિભાગના વિકાસ સૂત્રો વિભાગો દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે જેને આખરી કરીને ચૂંટણી પ્રચાર દરમિયાન આ સૂત્રો લગાવવામાં આવશે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વિધાનસભાની ચૂંટણી બે મોરચે લડવાની તૈયારી કરી છે એક તરફ કેન્દ્રની કોંગ્રેસ સરકાર દ્વારા ગુજરાતને અન્યાયની રૂપરેખા બનાવી છે તો બીજી બાજુ ૧૦ વર્ષના વિકાસને એજન્ડા ઉપર મૂકયો છે.

મંત્રીમંડળના સભ્યોને મત વિસ્તારમાં લોકોની સમક્ષ જવાની સૂચના સાથે મોદીએ મંત્રીઓના પોતાના વિભાગના વિકાસની યાત્રા તૈયાર કરવા જણાવ્યું હતું. જેથી મંત્રીઓએ તેમના વિભાગની ઓછામાં ઓછી ૨૫ સિદ્ધિઓના સૂત્રો તૈયાર કરીને રજુ કરવા માટેની સૂચના આપવામાં આવી હતી.

ગુજરાત સરકારના ૨૨ ઉપરાંતના વિભાગોમાં મેળવવામાં આવેલી સિદ્ધિઓ એકત્ર મંત્રીઓએ તેમના સ્ટાફને કામે લગાડયા હતાં. આ સૂત્રો તૈયાર કરીને મંત્રીઓએ રજુ કર્યા હતા. મંત્રીઓ દ્વારા મોકલવામાં આવેલા સૂત્રોને મુખ્યમંત્રી કાર્યાલય અને પ્રદેશ સંગઠન મળીને બેઠક પ્રમાણેના વિકાસના સૂત્રોની વ્યુહરચના ગોઠવશે તેવું ચર્ચાઈ રહ્યું છે. આ સૂત્રો સાથે મંત્રીઓ અને ધારાસભ્યોએ મત વિસ્તારમાં જવાનું રહેશે.

છેલ્લા ૧૦ વર્ષમાં કયા વિભાગમાં કયા કયા કામો પૂર્ણ થયાં છે. જિલ્લા અને તાલુકા પ્રમાણેના કયા કયા મહત્વના કામો છે જિલ્લાને ૧૦ વર્ષમાં કેટલી રકમની સહાય આપવામાં આવી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com